નિરાધાર વિધવા ત્યકતા કે છુટાછેડા લીધેલ મહિલાઓના પુનઃસ્થાપન માટેની આર્થિક સહાય ની યોજના.
હાલ અપાતા આર્થિક સહાયના દરમાં વધારે કરવા બાબત.

ગુજરાત સરકાર,
સમાજ કલ્યાણ વિભાગ,
ઠરાવ ક્ર : નવસ/ ૧૦૯૭/મ/૧૪/છ.૧
સચિવાલય,ગાંધીનગર.
તા. ૩-૧૧-૯૭

વંચાણે લીધા :-

૧. ઠરાવ ક્ર : નવસ/૧૦૯૦/૮૦૮/છ તા. ૧૧-૯-૯૦
૨. ઠરાવ ક્ર : નવસ/૧૦૯૩/૧૨૫૪/છ તા.૩૧-૧-૯૪
૩. ઠરાવ ક્ર : નવસ/૧૦૯૫/૪૧૧/છ.૧ તા.૧-૭-૯૫
૪. ઠરાવ ક્ર : નવસ/૧૦૯૭/મ.૧૪/છ. તા. ૧૨-૮-૯૭

ઠ રા વ :-

રાજયના સમાજ સુરક્ષા ખાતા મારફત નિરાધાર, વિધવા ત્યકતા કે છુટાછેડા લીધેલ મહિલાઓને પુનઃસ્થાપન માટેની આર્થિક સહાયની યોજના હાલ અમલમાં છે. સદરહુ યોજના હેઠળ આપવામાં આવતી સહાયના દર સરકારે વખતોવખત સમાજ કલ્યાણ વિભાગના જુદા જુદા ઠરાવોથી નકકી કરેલ છે.છેલ્લે આમુખ ક્ર : ૪ માં દર્શાવેલ તા.૧૨-૮-૯૭ ના ઠરાવથી તા.૧-૭-૯૭ થી અમલમાં આવે તે રીતે વિધવા સહાય યોજના હેઠળ માસિક રુ. ૪૦૦/-ની આર્થિક સહાય આપવાના દર અમલમાં છે. નિરાધાર, વિધવા, ત્યકતા કે છુટાછેડા લીધેલ - મહિલાઓના પુનઃસ્થાપન માટેની આર્થિક સહાય યોજના હેઠળ આપવામાં આવતી સહાયના દરમાં વધારો કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે સદર યોજના હેઠળ અપાતી સહાયના દર સુધારીને તા.૧-૧૧-૯૭ થી અમલમાં આવે તે રીતે માસિક રુ.૫૦૦/- કરવાનું સરકારશ્રી આથી ઠરાવે છે.

....૨....

૨. આ યોજનાનો લાભ લેતા લાભાર્થીઓની યાદી તાત્કાલિક સંબંધિત જીલ્લા સમાજ સુરક્ષા અધિકારીએ ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લી., ગાંધીનગરને મોકલી આપવાની રહેશે અને ત્યારબાદ નવા ઉમેરાતા લાભાર્થીઓની યાદી દર માસે જીલ્લા સમાજ સુરક્ષા અધિકારીને અચુક નિગમને મોકલવાની રહેશે.

૩. મહિલા આર્થિક વિકાસ નિગમે લાભાર્થીઓના પુનઃસ્થાપન માટે બેન્કેબલ યોજનાઓ મારફતે અથવા તો તેમના માટે યોગ્ય તે રીતે જીલ્લા સમાજ સુરક્ષા અધિકારીઓના સહયોગમાં આવી મહિલાઓના પુનઃસ્થાપનની આનુંસાંગિક કાર્યવાહી કરવાની રહેશે. આ લાભાર્થીઓનું શકય તેઠલી ઝડપથી પુનઃસ્થાપન થઈ શકે અને તેમનું જીવનધોરણ ઉંચું આવી શકે.

૪. આ યોજના હેઠળ સહાય મંજુરી અંગે સરકારે અગાઉ નિયત કરેલ જોગવાઈઓ જેવી કે ઉંમર, આવક અને સાધનિક પુરાવાઓ તથા સહાય આપવાની મુદત વિગેરે બાબતમાં જે શરતો/ધારા ધોરણો નકકી થયેલા છે તે યથાવત રીતે અમલમાં રહે છે. પરંતુ મહિલા આર્થિક વિકાસ નિગમ લી., તથા જીલ્લા સમાજ સુરક્ષા અધિકારીના સહયોગથી જે લાભાર્થીઓનું પુનઃસ્થાપન થશે એટલે કે જેમની આજીવીકાનું સાધન પ્રાપ્ત થશે. તેમને આ લાભ આપોઆપ મળતો બંધ થશે. આ બાબતની ખાસ કાળજી જીલ્લા સમાજ સુરક્ષા અધિકારીએ રાખવાની રહેશે.

૫. આ અંગેનું ખર્ચ અંદાજપત્રના સદર માંગણી નં.૯૦ મુખ્ય સદર-૨૨૩૫-સામાજીક સુરક્ષા અને કલ્યાણ પેટા સદર - (૪) એસસીડબલ્યુ :૭: નિરાધાર વિધવાઓ અને તેમના પુનઃસ્થાપન માટે નાણાંકીય સહાય હેઠળ ચાલુ નાણાંકીય વર્ષમાં થયેલ જોગવાઈમાંથી મેળવવાનું રહેશે. આ સુધારાને લીધે વધારાનો ખર્ચ યોગ્ય સમયે પુરક માંગણી ધ્વારા નાણાં વિભાગ પાસે મંજુર કરાવવાનો રહેશે.

૬: આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર તા.૧૩-૧૦-૯૭ના રોજ નાણાં વિભાગની મળેલ સંમિત્તિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(પી.એચ.વસાવા)
ઉપસચિવ,
સમાજ કલ્યાણ વિભાગ.